**Capital World Pg 5, 24th Feb 2022**

# યૂક્રેન-રશિયા વચ્ચે યુધ્ધનો ભય ટળતા બિટકોઈન ૩૮ હજાર ડોલરને પાર

**કેપિટલ સંવાદદાતા તા.૨૩**

એશિયન ટ્રેડમાં બિટકોઈન બુધવારે ૩૮,૦૦૦ ડૉલરની સપાટી કુદાવી ગયો હતો. અમેરિકાએ રશિયા પર લાદેલાં પ્રતિબંધોને લીધે યુદ્ધ ફાટી નીકળવાનો ડર ઘટી જવાને લીધે રોકાણકારોએ રાહતનો શ્વાસ લીધો હતો.

રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને પૂર્વ યુક્રેનના ડોનેત્સ્ક અને લુહાન્સ્ક પ્રદેશને યુક્રેનથી સ્વતંત્ર જાહેર કર્યા અને શાંતિરક્ષક દળ મોકલ્યાં તેને પગલે અમેરિકાના પ્રમુખ જો બાઈડને રશિયા પર પ્રતિબંધ લાદવાની જાહેરાત કરી હતી. બાઈડને રશિયા અને અમેરિકા વચ્ચે વેપાર અને રોકાણ પર પ્રતિબંધ મૂકતો આદેશ જારી કર્યો છે. યુનાઈટેડ કિંગડમે પણ રશિયા પર મોટાં પ્રતિબંધો લાદવાની ચેતવણી આપી છે.

## ભારતીય ક્રિપ્ટો વાયરનો આઈસી૧૫ ઈન્ડેક્સમાં ચાર ટકાનો ઉછાળો

આ લખાઈ રહ્યું છે ત્યારે બિટકોઈન લગભગ ૫ ટકા વધીને ૩૮,૮૫૧ ડૉલર સુધી પહોંચ્યો છે. ગયા સપ્તાહમાં તેમાં આશરે ૧૫ ટકાનો ઘટાડો થયો હતો. બીજા ક્રમાંકની ક્રીપ્ટોકરન્સી ઈથેરિયમ સાત ટકા વધીને ૨,૭૧૬ ડૉલર પર પહોંચ્યો છે.

દરમિયાન, ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫ બુધવારે બપોરે ચાર વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ચાર ટકા (૨,૦૦૦ પોઈન્ટ) વધીને ૫૬,૨૮૦ પોઈન્ટ બંધ રહ્યો હતો